# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૬/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'સેન્સેકસ બાઉન્સીંગ ૫૫૦૦૦, નેકસ્ટ ટાર્ગેટ ૧૦૦૦૦૦' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૬ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ઝુમ એપ્લીકેશનના માધ્યમથી 'સેન્સેકસ બાઉન્સીંગ ૫૫૦૦૦, નેકસ્ટ ટાર્ગેટ ૧૦૦૦૦૦' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે કે.આર. ચોકસી ઇન્વેસ્ટમેન્ટ મેનેજર્સ પ્રા.લિ.ના પ્રમોટર એન્ડ એમ.ડી. દેવેન ચોકસીએ સ્ટોક માર્કેટમાં અત્યારે જે માહોલ છે તેને જોતા રોકાણકારોએ બની શકે ત્યાં સુધી ફાયનાન્સીયલ એડવાઇઝરની મદદ લઇને જ કોઇ પણ ક્ષેત્રમાં રોકાણ કરવું જોઇએ તેવી સલાહ રોકાણકારોને આપી હતી.

દેવેન ચોકસીએ જણાવ્યું હતું કે, ગ્લોબલી ઇકોનોમીમાં કોરોના પછી હેલ્થ સેકટર આગળ વધી રહયું છે. ફાર્મા કંપનીઓએ કો–ઓપરેશન અને કોલાબ્રેશન સાથે કામ કરવું પડશે. હવે ફીન ટેક અને હેલ્થ ટેકની અંદર નવી કંપનીઓ આવી રહી છે. આ કંપનીઓ ઇન્વેસ્ટમેન્ટની સાથે નવી ટેકનોલોજી પણ લાવશે. ગ્રીન એનર્જી માટે પણ મોટું ઇન્વેસ્ટમેન્ટ આવી રહયું છે. એના માટે મિડિયા પ્લેટફોર્મ ઉભા થઇ રહયા છે. તેમણે કહયું કે, ફ્રેશ ઇન્વેસ્ટમેન્ટ કરવા માટે ઘણી તકો દેખાઇ રહી છે. પરંતુ રેગ્યુલર રોકાણ કરનારા રોકાણકારો જ યોગ્ય દિશામાં ફ્રેશ ઇન્વેસ્ટમેન્ટ કરી શકશે.

ગઇકાલે જ વડાપ્રધાન દ્વારા ગતિશિલ પ્રોગ્રામની જાહેરાત કરાઇ છે. આ પ્રોગ્રામ પણ નવા રોકાણકારોને આકર્ષશે. સરકારે રેટ્રોસ્પેકટીવ ટેકસ પણ કાઢી નાંખ્યો છે. આથી વિશ્વના મોટા રોકાણકારો ભારત તરફ આકર્ષાશે. નવું કન્સ્ટ્રકશન થશે તો તેની સાથે એન્જીનિયરીંગ, મેટલ, સિમેન્ટ, ઇલેકટ્રોનિક, ઓટો, કેમિકલ અને ફાર્મા ક્ષેત્રને બુસ્ટ અપ મળશે. નવી ફેકટરીઓ નંખાશે અને નવા ધંધા ઉભા થશે. દરેક બિઝનેસમાં ગ્રોથની સંભાવના ઉભી થશે. દેશમાં રોકાણ વધશે એટલે મોટા પાયા ઉપર રોજગારી પણ ઉભી થશે.

ઓટો મોબાઇલ ઇન્ડસ્ટ્રી ખૂબ જ ઝડપથી આગળ વધી રહી છે. ઇલેકટ્રીક વ્હીકલ માર્કેટમાં આવી ગયા છે. આથી ઓટો મોબાઇલ ઇન્ડસ્ટ્રીની સાથે એન્સીલરી અને સોલાર ઇન્ડસ્ટ્રીનો પણ વિકાસ થશે. બેટરી બનાવવા, તેને મેનેજ કરવા, પાવર સપ્લાય માટે અને ચાર્જર બનાવવા માટે નવી કંપનીઓ આગળ આવશે. વર્તમાન સરકારે ઇકોનોમીમાં નવા પૈસા લાવવા માટે રોડ, પોર્ટ, પાવર, એરપોર્ટ અને સી–પોર્ટ વિગેરે ઇન્ફ્રાસ્ટ્રકચર માટે મોટા નિર્ણયો લીધા છે. જેથી ફોરેન ડાયરેકટ ઇન્વેસ્ટમેન્ટને કારણે પણ દેશમાં રૂપિયા આવશે.

ચેમ્બરના પ્રમુખ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના સભ્ય કેતન દલાલે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સમગ્ર વેબિનારનું સંચાલન ચેમ્બરના ભૂતપૂર્વ માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ કર્યું હતું. અંતે અયુબ યાકૂબઅલીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.